# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


No: KCG/TEERTH/ISTEM Collective Foundation/416 Date: 25/05/2022

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી,

ભાવનગર, ગુજરાત

વિષય: કેસીજીની TEERTH (Training for Excellence, Efficiency and Research Towards Higher Education) યોજના અંતર્ગત STEAM Based Training for the Skill Enhancement "Robotics Masters Training and Certificate Program" કોર્સની તાલીમ યોજવા બાબતે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે TEERTH (Training for Excellence, Efficiency and Research Towards Higher Education) યોજના અંતર્ગત એકાધિક વિષયો જેવા કે Knowledge Enhancement Track અને Professional Certificate Track પર તાલીમ પ્રયોજીને રાજ્યના વિદ્યાજગતને વેદોથી લઈને વેબ સુધીના વિરાટ શિક્ષાલક્ષી અને તકનીકી એમ બહુવિધ આયામો પ્રત્યે વિશ્વાતોમુખ કરવાનો આ એક પ્રકૃષ્ટ પ્રયત્ન છે. આ યોજના અંતર્ગત રાજ્યની યુનિવર્સીટી, કોલેજોના ફેકલ્ટી, અધિકારી/કર્મચારી તથા અન્ય સ્ટેક હોલ્ડરો માટે વિવિધ વિષયો ઉપર તાલીમ યોજવામાં આવે છે.

STEAM Based Training for the Skill Enhancement "Robotics Masters Training and Certificate Program" કોર્સના તાલીમની પૂર્ણ વિગત નીચે મુજબ છે.

| ક્રમાંક | વિગત | |
|---|---|---|
| ૧. | તાલીમનું નામ | STEAM Based Training for the Skill Enhancement "Robotics Masters Training and Certificate Program" |
| ૨. | તાલીમના કલાકો | ૬૦ કલાક(૪૦ Sessions) |
| ૩. | તાલીમના કુલ દિવસો | ૧૦ દિવસ |
| ૪. | તાલીમનાં વિષયો | Design Thinking, Basics of Electronics, 3D Printing and 3D Designing, Algorithm and Flow Chart, Sensor and Actuators, Mechanical Power Tool, Arduino & IoT Device, Block Coding, Drone Flying and many more |
| ૫. | તાલીમાર્થીની સંખ્યા | ૪૦ તાલીમાર્થી પ્રતિ બેચ |
| ૬. | તાલીમનું સ્થળ | યુનિવર્સીટી ખાતે આ તાલીમનું આયોજન કરવામાં આવશે |

આ ઉપરાંત આ કોર્સની તાલીમ માટેની સીટો મર્યાદિત હોવાથી આપશ્રીની યુનિવર્સીટીનાં Affiliated કોલેજોમાંથી SSIPનાં કો-ઓર્ડીનેટર તરીકે ૦૧ ફેકલ્ટી અને ૦૨ વિદ્યાર્થીઓનો આ તાલીમમાં નિશુલ્ક ધોરણે સમાવેશ કરવામાં આવશે. આ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓની પસંદગી આપશ્રીએ યુનિવસિર્ટી કક્ષાએ કરવાની રહેશે.

આ કોર્સની તાલીમ માટે નીચે મુજબનાં બજેટની ફાળવણી કેસીજી કચેરીએથી કરવામાં આવશે.

- આ કોર્સની તાલીમ માટે ૦૧ રૂમની, Wifi and Sound system અને Projectorની ફાળવણી યુનિવર્સીટીએ કરવાની રહેશે જે અંગેનું રૂ.૫,૦૦૦=૦૦ની રકમ સુધીનું ભાડું કેસીજી કચેરીએથી ચુકવવામાં આવશે.

- આ કોર્સની તાલીમ માટે દસ દિવસ જમવા માટેની વ્યવસ્થા યુનિવર્સીટીએ કરવાની રહેશે અને તે માટેનાં રૂ. ૭૦,૦૦૦=૦૦ (રૂ.૧૭૫X૪૦ તાલીમાર્થીX૧૦ દિવસ) ની રકમનો ખર્ચ કેસીજી કચેરીએથી ચુકવવામાં આવશે.
- આ કોર્સની તાલીમ માટે ટ્રેનર્સની ફી તેમજ ટ્રેનરનું TA Allowance અને STEM Kitનાં ભાડાંની રકમ કેસીજી કચેરીએથી ચુકવવામાં આવશે.
- આ કોર્સની તાલીમ માટે જરૂરિયાત જણાય તો કેસીજી કચેરી દ્વારા Laptopની સુવિધા પૂરી પાડવામાં આવશે.
- આ ઉપરાંત કેસીજી કચેરી તથા જે તે યુનિવર્સીટીનાં સંયુક્ત ઉપક્રમે સર્ટિફિકેટ આપવામાં આવશે.

આમ, ઉપરોક્ત વિગત મુજબ STEAM Based Training for the Skill Enhancement "Robotics Masters Training and Certificate Program"નાં ૧૦ દિવસના કુલ ૬૦ કલાક(૪૦ Session)ના કોર્સની તાલીમ આપશ્રીની યુનિવર્સીટી ખાતે આયોજીત કરવા માટે તાલીમાર્થીઓની વિગત તેમજ મે અને જુન માસમાં આયોજીત કરવા માટેની તારીખો અંગેની વિગતો દિન-૦૫માં કેસીજી કચેરીને મોકલી આપવા તેમજ osd-teerth@gujgov.edu.in પર ઈ-મેઈલ કરી આપવા આથી સૂચિત કરવામાં આવે છે.

આભાર સહ,

એમ. નાગરાજન (IAS)
સીઈઓ, કેસીજી

બીડાણ:

- STEAM Based Training for the Skill Enhancement "Robotics Masters Training and Certificate Program" નો વિગતવાર અભ્યાસક્રમ

નકલ રવાના જાણ સારું,

- માન. કુલપતિશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર, ગુજરાત

નકલ કાર્યવાહી જાણ સારું,

- ડૉ. યોગેશ યાદવ, ઓ.એસ.ડી(TEERTH), કેસીજી, અમદાવાદ